(મુસ્લિમ સમાજ માટે પ્રેરણારૂપ કિસ્સો)

# એક કંડક્ટરનો પુત્ર બની ગયો ૭૦ કરોડની કંપનીનો માલિક

## ગામનાં નામ પરથી જ કંપનીનું નામ રાખ્યું કેપી ગ્રૂપ (કોઠીવાળા પટેલ) અને ૧૬ રાજ્યોમાં મોબાઈલ ટાવર નાખ્યા.

**હવે ગામની નજીકના જ અન્ય ગામ જંબુસર-આમોદ રોડ પર સુડી ખાતે ૨૬૦ એક એકર જમીન પર ૫૦ મેગા વોટ્સનો ૩૫૦ કરોડ રૂપિયાનો સોલાર પ્લાન્ટ નાખી વિસ્તારને સમૃદ્ધ કરવાનો પ્રયાસ કરી રહ્યા છે.**

'સિદ્ધિ તેને જઈ વરે જે પરસેવે ન્હાય' આ ગુજરાતી કહેવત સુરતનાં મુસ્લિમ બિરાદર ફારૂક ગુલામ પટેલને ફીટ બેસે છે. એક બસ કંડક્ટરનાં પુત્ર તરીકે ઉછરેલા ફારૂકભાઈ પટેલ આજે ૧૫૦ કરોડનું વાર્ષિક ટર્ન ઓવર ધરાવતી કંપનીના માલિક બની ગયા છે. અને તેઓ સીધી કે આડકતરી રીતે ૬૦૦ વ્યકિતઓને રોજગારી પૂરી પાડવાનું માધ્યમ પણ બન્યા છે. આટલેથી નહીં અટકતા તેઓ હવે તેમના વતન અને તેની આસપાસના ગામોને પોતાનાં ૨૬૦ એકર જમીનમાં ૫૦ મેગાવોટ્નો ૩૫૦ કરોડ રૂપિયાનો સોલાર પ્લાન્ટ નાંખીને સમૃદ્ધ કરવાની દિશામાં ડગ માંડી ચૂકયા છે.

મુસ્લિમ સમાજને પ્રેરણા આપી જાય તેવી શખ્સિયતની માંડીને વાત કરીએ તો સુરત, અડાજણ પાટિયાના ફિરદોસ ટાવરમાં રહેતા ફારૂકભાઈ પટેલનો જન્મ નનીહાલ ભરૂચ જિલ્લાના વાગરા તાલુકાના સલાદરા ગામમાં થયો હતો. તેમના વાલીદનું મૂળ વતન ભરૂચનું કોઠી ગામ. પિતા ગુલામ અલીની ૧૯૭૪માં ગુજરાત સ્ટેટ ટ્રાન્સપોર્ટ (એસટી) માં બસ કંડકટર તરીકે નોકરી હોવાને કારણે તેઓ બે વર્ષના ફારૂકભાઈને લઈને સુરતના અડાજણ રોડ, પીર મસ્તાન અલી બાવા દરગાહ કંપાઉન્ડમાં રહેવા આવી ગયા હતા. પિતાએ તેમને ભૂલકાભવન સ્કૂલમાં એચ.એસ.સી. સુધી અભ્યાસ કરાવી બાદમાં મંત્રા કોલેજમાં ડિપ્લોમાં ટેક્ષટાઈલ એન્જિનિયરિંગ કરાવડાવ્યું. પહેલા નાની-મોટી નોકરીમાં હાથ અજમાવ્યા બાદ ફારૂકભાઈએ ૧૯૯૪માં કેપી ગ્રૂપ નામની કંપનીની સ્થાપના કરી.

કે એટલે કોઠીવાળા પી. એટલે પટેલ એમ. કરીને ગામનાં નામને આગળ ધપાવ્યું. અને મંડી પડયા મોબાઈલ ટાવર બેસાડવાનો બિઝનેસ કરવા. વર્ષો સુધી સતત પોતે અને કેટલાક મિત્રોને સાથે લઈ જાતે પાના-પેચીયા લઈ ટાવર ઉભા કરવાનું કામ લગાતાર ૧૩ વર્ષ કરીએ રાખ્યું. પરિણામ એ આવ્યું કે તેઓએ આખા ગુજરાતમાં જ નહીં પણ ભારતના ૧૬ રાજ્યોમાં વિવિધ મોબાઈલ કંપનીઓનાં ટાવર બેસાડી અવ્વલ દરજ્જાનું નામ મેળવી લીધું અને પોતાની ૧ લાખ રૂપિયાની કેપીટલથી શરૂ કરેલી કંપનીની ૧૫૦ કરોડ રૂપિયાનું વાર્ષિક ટર્ન ઓવર ધરાવતી કંપની બનાવી દીધી. ફારૂકભાઈ પોતાની ૪૪ વર્ષની ઉંમરે પહોંચવા સુધીમાં હવે કેપી ગ્રૂપની છત્રછાયા હેઠળ ચાર પ્રાઈવેટ લીમીટેડ અને ત્રણ લીમીટેડ કંપનીના ચેરમેન બની ચૂકયા છે.

**હવે સોલાર પ્લાન્ટથી નવો આયામ**

કંઈક નવું કરવા ટેવાયલા અને દુનિયાની સાથે કદમ મિલાવવાનો સ્વભાવ ધરાવતા ફારૂકભાઈએ ગાંધીનગરની પીડીપીયુ યુનિવર્સીટીમાં જરમી (ગુજરાત એનર્જી એન્ડ મેનેજમેન્ટ ઈન્સ્ટીટયુટ)માં સોલાર અંગે ટ્રેનીંગ લીધી. ૨૦૧૦ની સાલમાં વિન્ડ પાવરનાં માધ્યમથી ઉર્જા ઉત્પન્ન કરવાનાં કામમાં જોતરાયા અને પવન ચક્કીનાં માધ્યમથી પોરબંદર, ભાવનગર, પાલીતાણામાં ૧૮૦ મેગા વોટ્સથી સુઝલોન સાથે મળી વિજળી ઉત્પન્ન કરવાનો સફળતા પૂર્વકનો પ્રોજેકટ શરૂ છે. જેમાંથી ૨૩.૧ મેગા વોટનું ઉત્પાદન શરૂ કરી ચૂકયા છે. જેમાં SMC ની ત્રણ પવન ચક્કી પણ સામેલ છે. જે કાર્યરત થઈ ચૂકી છે. હવે તેનાથી આગળ વધીને તેમણે ભરૂચ જંબુસર રોડ ઉપર આવેલા સુડી ગામ ખાતે 'સોલારીઝમ' નાં નામથી સોલાર દ્વારા વિજળી ઉત્પન્ન કરવાનો પ્રોજેકટ ૨૬૦ એકર જમીન પર નાંખવાની શરૂઆત કરી. આ પ્લાન્ટમાંથી ૫૦ મેગાવોટ્સ વિજળી ઉત્પન્ન કરાશે. ૧ મેગાવોટ્સમાં ચાર હજાર પેનલ બેસાડવામાં આવે છે. ૫૦ મેગા વોટ્સ થકી એક વર્ષમાં ૮.૫ કરોડ યુનિટ પેદા કરવાનું તેમનું આયોજન છે. આ પ્રોજેકટની ખાસિયત એ છે કે તેમાં સોલાર દ્વારા વિજળીની સાથો સાથ તેની નીચેની ઉપજાઉ જમીનમાં ખેતી કરી ઘઉં, મગ અને શાકભાજીનાં પાક લઈ શકાશે. જેથી ખેતી લાયક જમીનનો પણ બે પ્રકારે યોગ્ય ઉપયોગ કરી શકાશે. તેની આ જ વિશેષતાથી આકર્ષાઈને ૨ એપ્રિલ ૨૦૧૫નાં રોજ ગુજરાતનાં એનર્જી અને પેટ્રોલિયમ ડિપાર્ટમેન્ટનાં પ્રિન્સિપાલ સેક્રેટરી એલ. ચુઆન્ગો એ તેમની ટીમ સાથે આ પ્રોજેકટની મુલાકાત લીધી હતી.

કેપી ગ્રૂપનાં ચેરમેન ફારૂકભાઈ પટેલનું કહેવું છે કે અમે ઉપજાઉ જમીનને વ્યર્થ જવા દેવા માંગતા ન હોતા. જેથી અમે સોલાર પેનલની જમીનનો ઉપયોગ ખેતી માટે કરવાનું શરૂ કર્યું અને અમને સફળતા મળી. અમે પ્રાથમિક તબક્કે પાંચ મેગાવોટ્સ પ્લાન્ટની જમીન પર ઘઉં ઉગાડયા અને તેમાં અમને સફળતા મળી. અમે ૩૦૦ કિવન્ટલ ઘઉંનો પાક લણ્યો. એ જ રીતે અમે થોડા વિસ્તારમાં મગ, ભીંડી, રીંગણ સહિતનાં શાકભાજી પણ ઉગાડીને લણ્યા છે. સફળતા મળતા અમે પૂરા પ્લાન્ટમાં શાકભાજી ઉગાડીશું અને દેશને રાહ ચીંધીશું.

**ફારૂકભાઈનો યુવાનોને સંદેશ...**

કેપી ગ્રૂપનાં ચેરમેન ફારૂકભાઈ પટેલ કહે છે કે અલ્લાહના કરોડો એહસાન છે કે તેઓએ મને આ સફળ મુકામ આપ્યું. મેં એક સામાન્ય ઘરમાં જન્મ લીધો પણ મારો ગોલ ઊંચો રાખ્યો અને તે દિશામાં કામ કર્યું. 'ગરીબ પેદા થવું ગુનો નથી, ગરીબ મરશો નહીં.'

મારા વાલિદ-વાલિદા અને પરિવારે મને સાથ આપ્યો. તેઓ મારા કામમાં જોતરાયા પણ અલ્લાહનો કરમ અને વાલિદ-વાલિદાની દુઆ અને મારી રાત-દિવસની સાચી દિશામાં મહેનતથી જ હું આ મુકામે પહોંચ્યો છું. હું આજની અને આવનારા સમયની જરૂરીયાતને ધ્યાનમાં લઈ ચાલ્યો અને તરક્કી હાંસિલ થઈ. દરેક યુવાનોને એ જ સંદેશ છે કે નાસીપાસ ન થશો. અનેક અસફળતા વચ્ચે એક સફળતા રહેલી છે.

અલ્લાહ પર યકીન રાખી મહેનત અને કોશિશ કરતા જાઓ. ઈન્શા અલ્લાહ સફળતા તમારા કદમ જરૂર ચૂમશે.

'યકીં મોહકમ, અમલ પૈહમ,
મોહબ્બત ફાતહે આલમ,
'જિહાદે ઝિંદગાની મેં હય યહી મર્દો કી શમશીરેં.'